# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૧
## (તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬, સોમવાર)
## કાર્યનોંધ

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૧, તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**ક્રમ સભ્યશ્રીઓના નામ**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. દિપ્તીબેન બી. શાહ
(૩) શ્રી કલ્પેશકુમાર રોહિતકુમાર ત્રિવેદી
(૪) ડૉ. દર્શનભાઇ બી. ચોકસી
(૫) ડૉ. પિનાકીનીબેન ડી. પંડયા
(૬) શ્રી નિશાંત વિક્રમભાઇ પટેલ
(૭) ડૉ. ઘનશ્યામસિંહ સોઢા
(૮) ડૉ. ભાવનાબેન જર્નાદન પરમાર
(૯) ડૉ. બીરજ પટેલ (કા. કુલસચિવ)

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામ**

(૧) શ્રી રાજેન્દ્રકુમાર ભૂપેન્દ્રભાઇ પટેલ

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી અને કુલપતિશ્રીએ સૌને આવકાર્યા.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખઃ**૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૨૦** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૦ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ**૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૦** માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૨/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૦ માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

**(સિન્ડીકેટ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

૩. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજોમાં NEP અંતર્ગત 4th Years U.G. Honours/ Research (4Year) માટેના અભ્યાસક્રમો ચાલુ કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા સમિતીની રચના કરવામાં આવી હતી. તે સમિતી દ્વારા અનુસ્નાતક વિભાગો/આટર્સ કોલેજોમાં વિષયોની LIC કમિટી કરવામાં આવી હતી. તેના અહેવાલ બિડાણ-૧થી સામેલ છે. **(બિડાણઃ ૩)**

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

૪. વિનયન, વિજ્ઞાન, વાણિજય, મેનેજમેન્ટ, એજ્યુકેશન, કાયદાશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, હોમિયોપેથીક અને મેડીકલ વિદ્યાશાખા અંતર્ગત આવતા તમામ અભ્યાસક્રમોનું સ્નાતક તથા અનુસ્નાતક કક્ષા માટેનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું **બિડાણમાં** દર્શાવ્યા મુજબનું સમય પત્રક (ટર્મશીડયુલ) નો અમલ જૂન-૨૦૨૬થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ સુધારા વધારા સહિત કુલપતિશ્રીએ મંજૂર કર્યાના; **(બિડાણઃ ૪)**

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(જનરલ વિભાગ)**

૫. મટીરીયલ સાયન્સ વિભાગના નિવૃત્ત વડા, ડૉ. એલ.એમ.મનોચા સાહેબ દ્વારા મટીરીયલ સાયન્સ વિભાગ ખાતે રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપેલ છે. સદર નાણાના વ્યાજમાંથી પ્રતિવર્ષ રૂા. ૫૦૦૦/-નો એવોર્ડ ''બેસ્ટ પીએચ.ડી. થીસીસ એવોર્ડ'' યુનિવર્સિટી પ્રિ-કોન્વોકેશનમાં આપવામાં આવે તથા સદર એવોર્ડનું નામ "Professor (Mrs) Satish Manocha Memorial Award in Materials Science" રાખવા જણાવેલ છે. જે અંગેના નાણા તા. ૦૮/૦૬/૨૦૨૬ રસીદ નંબરઃ ૦૦૧૨૮૬૦થી કોડ નંબરઃ ૩૦૫૦૧ ડોનેશન ખાતે જમા કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એલ. એમ. મનોચા સાહેબ દ્વારા મટીરીયલ સાયન્સ વિભાગ ખાતે રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાનનો સ્વીકાર કર્યો અને નાણાના વ્યાજમાંથી પ્રતિવર્ષ રૂા. ૫૦૦૦/-નો એવોર્ડ ''બેસ્ટ પીએચ.ડી. થીસીસ એવોર્ડ'' યુનિવર્સિટી પ્રિ-કોન્વોકેશનમાં આપવામાં આવે તથા સદર એવોર્ડનું નામ "Professor (Mrs) Satish Manocha Memorial Award in Materials Science" રાખવું અને દાનની રકમના વ્યાજમાંથી એવોર્ડ આપવો અને દાતાશ્રીને અભિનંદન પત્ર પાઠવવો.**

**(મહેકમ વિભાગ)**

૬. યુનિવર્સિટીમાં વિવિધ અનુસ્નાતક વિભાગોમાં એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટ ની નિમણૂંક (ગ્રાન્ટ-ઇન-એઇડ/સેલ્ફ ફાઇનાન્સના ધોરણે) કરવા અંગે તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬, તારીખઃ૦૯/૦૬/૨૦૨૬, તારીખઃ ૧૦/૦૬/૨૦૨૬, તારીખઃ ૧૧/૦૬/૨૦૨૬, તારીખઃ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મળેલ વિવિધ પસંદગી સમિતિઓએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| (નોંધ : | ૧. | જુદા જુદા વિભાગો દ્વારા તેમની ગતવર્ષની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આ કાર્યાલય દ્વારા રાજ્યનાં પ્રમુખ દૈનિક વર્તમાનપત્રોમાં સદર જાહેરાત પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવેલ અને ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખઃ૩૦/૦૫/૨૦૨૬નાં તથા હાર્ડકોપી કાર્યાલયને મોકલવાની અંતિમ તારીખ : ૦૨/૦૬/૨૦૨૬ સુનિશ્ચિત કરવામાં આવેલ હતી. |
| | ૨. | જાહેરાતના સંદર્ભમાં આવેલ અરજીઓ કાર્યાલય દ્વારા આગળની કાર્યવાહી કરવા વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓને મોકલી આપવામાં આવેલ અને સદર વિભાગોએ અરજીઓની ચકાસણી કરી નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ સ્ક્રૂટીની કરવામાં આવેલ અને તેનો રિપોર્ટ મા.કુલપતિશ્રી સમક્ષ બંધ કવરમાં રજૂ કરવામાં આવેલ. |
| | ૩. | અહીંયા એ નોંધવું જરૂરી છે કે તારીખ : ૦૬/૦૫/૨૦૨૫ના રોજ યોજાયેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ બાબત ક્રમાંકઃ ૦૩થી એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસરને રૂા.૪૫,૫૦૦/- અને ટેમ્પરરી ટીચિંગ આસીસ્ટન્ટને રૂા.૩૨,૫૦૦/- વેતન ચૂકવવું તેમ ઠરાવેલ છે જેને તારીખઃ ૦૮/૦૫/૨૦૨૫ના રોજ યોજાયેલ સિન્ડિકેટ સભાએ મંજૂરી આપેલ છે. |

\# હવે નીચે દર્શાવેલ અનુસ્નાતક વિભાગોમાં **Adhoc Assistant Professor/ Temporary Teaching Assistant** થી કરવામાં આવેલ નિમણુક અંગેની કાર્યવાહીની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| Adv. No. | Department | Specialization | Date of Interview | Interview Time |
|---|---|---|---|---|
| **Adhoc-24-2026** | M.B.A. | Finance, General management, Business Analytics | **08/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-11-2026** | Business Studies | Accountant & Taxation | **08/06/2026** | **10:30 a.m.** |
| **Adhoc-17-2026** | English | English | **08/06/2026** | **12:00 p.m.** |
| **Adhoc-19-2026** | Sanskrit | Sanskrit | **08/06/2026** | **12:30 p.m.** |
| **Adhoc-21-2026** | Law | - Business Law-Master in Law in Any Discipline<br>- Criminal Law<br>- Constitutional and Legal order | **08/06/2026** | **2:00 p.m.** |
| **Adhoc-26-2026** | M.Ed. & B.Ed Special Education (Intellectual Disability) | Special Education (Intellectual Disability) | **08/06/2026** | **3:30 p.m.** |

| Adv. No. | Department | Specialization | Date of Interview | Interview Time |
|---|---|---|---|---|
| **Adhoc-22-2026** | Media Studies | M.A. in Journalism and Mass Communication **OR** M.A. in Development Communication | **08/06/2026** | **4:00 p.m.** |
| **Adhoc-9-2026** (ii) | IICISST<br><br>B.Sc. Advanced Organic Chemistry | Chemistry/ Applied Chemistry | **09/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-9-2026** (vii) | IICISST<br><br>M.Sc. Advanced Organic Chemistry | Chemistry/ Applied Chemistry | **09/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-9-2026** (iii) | IICISST<br><br>B.Sc. Applied Chemistry | Chemistry/ Applied Chemistry | **09/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-9-2026** **(v)** | IICISST<br><br>M.Sc. Applied Chemistry | Chemistry/ Applied Chemistry | **09/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-2-2026** | Chemistry | Chemistry | **09/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-9-2026** (iv) | IICISST<br><br>B.Sc Applied Physics | Physics/ Applied Physics | **09/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-9-2026** (ix) | IICISST<br>M.Sc Applied Physics | Physics/ Applied Physics | **09/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-1-2026** | Physics | --- | **09/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-1-2026** | Materials Science | Materials Science/ Physics/ Chemistry | **09/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-4-2026** | Biosciences | Microbiology, Botany, Zoology, Biotechnology, Biochemistry | **10/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-9-2026** (xi) | M.Sc. Artificial Intelligence & Machine Learning | Computer Science/ IT/ AI & ML | **10/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-23-2026** | Computer Science | Computer Science, Information Technology / Masters of Computer Applications | **10/06/2026** | **11:30 a.m.** |

| Adv. No. | Department | Specialization | Date of Interview | Interview Time |
|---|---|---|---|---|
| **Adhoc-5-2026** | Mathematics | --- | **10/06/2026** | **2:30 p.m.** |
| **Adhoc-6-2026** | Statistics | Statistics | **10/06/2026** | **4:00 p.m.** |
| | M.Sc.-QPM | Statistics/ Applied Statistics/ QPM | | |
| | M.Sc.-Applied Statistics | Statistics/ Applied Statistics | | |
| **Adhoc-8-2026** | Electronics | Electronics | **11/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-7-2026** | Home Science | Foods & Nutrition | **11/06/2026** | **10:30 a.m.** |
| | Home Science | Biotechnology / Microbiology/ Biochemistry | **11/06/2026** | **10:30 a.m.** |
| **Adhoc-9-2026 (i)** | IICISST<br>B.Sc. Biomedical Science | Life Sciences (Biomedical Science/ Biochemistry/ Biotechnology/ Microbiology/ Genetics/ Zoology/ Botany/ Molecular Biology) | **11/06/2026** | **11:30 a.m.** |
| **Adhoc-9-2026 (vi)** | IICISST<br>M.Sc. Biomedical Science | Life Sciences (Biomedical Science/ Biochemistry/ Biotechnology/ Microbiology/ Genetics/ Zoology/ Botany/ Molecular Biology) | **11/06/2026** | **12:30 p.m.** |
| **Adhoc-9-2026 (viii)** | IICISST<br>M.Sc. Bioinformatics | Bioinformatics | **11/06/2026** | **12:30 p.m.** |
| **Adhoc-9-2026(x)** | IICISST<br>Environmental Science | Environmental Science | **11/06/2026** | **1:00 p.m.** |
| **Adhoc-9-2026 (xii)** | Diploma in Medical Laboratory Technology | (i)Master in MLT<br>(ii) Master in Biochemistry/ Microbiology/ Biotechnology | **11/06/2026** | **1:30 p.m.** |
| **Adhoc-25-2026** | Pharmaceutical Science | (i) Pharmaceutical Chemistry<br>(ii) Pharmaceutics,<br>(iii) Pharmacology,<br>(iv) Pharmacognosy | **11/06/2026** | **2:30 p.m.** |
| **Adhoc-10-2026** | Economics | --- | **12/06/2026** | **9:30 a.m.** |
| **Adhoc-12-2026** | Sociology | --- | **12/06/2026** | **11:00 a.m.** |

| Adv. No. | Department | Specialization | Date of Interview | Interview Time |
|---|---|---|---|---|
| **Adhoc-13-2026** | Psychology | Psychology | **12/06/2026** | **12:00 noon** |
| **Adhoc-14-2026** | History | | **12/06/2026** | **2:30 p.m.** |
| **Adhoc-15-2026** | Political Science | Political Science | **12/06/2026** | **2:30 p.m.** |
| **Adhoc-16-2026** | Gujarati | --- | **12/06/2026** | **4:30 p.m.** |
| **Adhoc-18-2026** | Hindi | --- | **12/06/2026** | **5:30 p.m.** |
| **Adhoc-20-2026** | Social Work. | Master of Social Work in HR | **12/06/2026** | **5:45 p.m.** |

| | |
|---|---|
| ૪. | ઉપરોકત સદર પસંદગી સમિતિએ કરેલ ભલામણોને બંધ કવરમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવશે. |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં એડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસિસ્ટન્ટની નિમણૂંક માટે જે તે પસંદગી સમિતીએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી અને વર્કલોડને આધારે જે તે વિભાગની જરૂરીયાત મુજબ એડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર/ટેમ્પરરી ટીચિંગ આસિસ્ટન્ટની નિમણૂકના પત્રો ૧૧ માસ માટે આપવા.**

**(એકેડેમિક વિભાગ)**

૭. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલને ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરમાંથી ડિએફીલીએટ થઇને અને હવે સરદાર પટેલ યુનિવર્સિટી સાથે એફીલીએટ થયેલ છે.

સદર કોલેજના અધ્યાપક ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરમાંથી Assistant Professor તરીકે પત્ર નં. IITE/Academic/Teacher Reco./2593-374/2022 Date:29/3/2022 થી માન્યતા (એપ્રુવલ) આપવામાં આવી હતી. જેને આપણી યુનિવર્સિટીમાં એફીલીએટ થયેથી Dr. Kalpeshkumar Bhanubhai Patelને સરદાર પટેલ યુનિવર્સિટીની માન્યતા (એપ્રુવલ) આપવા આચાર્યશ્રીના તારીખઃ ૦૯/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંકઃજશભ/બી.એડ્./માન્યતા/૨૦૨૫-૨૬/૧૨૮થી કરેલ વિનંતી કરેલ છે. સદર અધ્યાપકની લાયકાત નીચે મુજબ છે.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Kalpeshkumar Bhanubhai Patel<br>બી. એ. (હિન્દી) એપ્રિલ-૧૯૯૭ ૪૫.૦૯%<br>એમ. એ. (હિન્દી) એપ્રિલ-૧૯૯૯ ૫૯.૨૫%<br>એમ. ફીલ. (હિન્દી) માર્ચ-૨૦૦૦ ૬૩%<br>બી.એડ્. ૭૨.૬૫%<br>એમ.એડ્. ૭૧.૨૫%<br>**પીએચ.ડી. (હિન્દી) નવેમ્બર-૨૦૦૩**<br>**પીએચ.ડી. (એજ્યુકેશન) મે-૨૦૨૫** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલને સરદાર પટેલ યુનિવર્સિટીમાં સદર કોલેજના અધ્યાપક ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરમાંથી Assistant Professor તરીકે પત્ર નં. IITE/Academic/Teacher Reco./2593-374/2022 Date: 29/3/2022 થી માન્યતા (એપ્રુવલ) આપવામાં આવી હતી. જેને આપણી યુનિવર્સિટીમાં એફીલીએટ થયેથી Dr. Kalpeshkumar Bhanubhai Patelને સરદાર પટેલ યુનિવર્સિટીની માન્યતા આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૮. શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૬-૨૭થી શરૂ થતા સ્નાતક કક્ષાના ચોથા વર્ષના સાતમા અને આઠમા સેમેસ્ટરના અભ્યાસક્રમોને ચોથા વર્ષના સ્નાતક પ્રોગ્રામમાં અનુસ્નાતક વિભાગો તથા યુનિવર્સિટી સંલગ્ન NEP અંતર્ગત ચાલતી કોલેજોના નામ, વિષયો, પ્રવેશની સીટો તેમજ અનુસ્નાતક વિભાગોમાં NEP અંતર્ગત ચાલતા ચોથા વર્ષના સાતમા અને આઠમા સેમેસ્ટરમાં વિષયોના નામ, સ્નાતકની ઓનર્સ તેમજ રીસર્ચની સીટો મળી કુલ સીટો પર ચર્ચા વિચારણા કરી સુધારા સહિત મંજૂર કરવા.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત સુધારા-વધારા સહિત મંજૂર કરવામાં આવે છે. જે કોલેજોને LIC વગર શરતી 4th Year અભ્યાસક્રમો ચાલુ કરવા માટે પરવાનગી આપવામાં આવી છે તેઓની પાસે નિયત કરેલ પ્રોસેસિંગ ફી ભરાવવી.**

**(એકેડેમિક વિભાગ)**

૯. તારીખઃ ૧૫-૦૬-૨૦૨૬ના એકેડેમિક વિભાગની મંજુર થયેલ કાર્યનોંધના આધારે આજ રોજ હિન્દી વિભાગના શોધછાત્ર શ્રી વિકાસકુમાર મિશ્રાની તારીખઃ ૧૧-૦૬-૨૦૨૬ની પોતાની સાથે અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલ ગેરવર્તણુક સંદર્ભની અરજી અનુસંધાને માનનીય કુલપતિશ્રી દ્વારા રચેલી સમિતિની બેઠક કુલસચિવશ્રી કચેરીની બાજુના રૂમ નંબર ૨૧૯માં યોજાયી હતી. જેમાં ડૉ. હરેશ કેહરીયા (કન્વીનર), ડૉ. સૌરભ સોની અને ડૉ. શીવાનીબેન મિશ્રા સમિતીની બેઠકમાં હાજર રહયા હતા.

ઉપરોકત બાબતે સમિતીના સભ્યો દ્વારા કાર્યનોંધ શીલ કવરમાં આપેલ હોવાથી યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે તપાસ સમિતીની તારીખઃ૧૫/૦૬/૨૦૨૬ની કાર્યનોંધમાં કરેલ ભલામણ સ્વીકારવામાં આવે છે. સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ થઇ શકે તે હેતુથી ડૉ. દિલીપ કાલીદાસ મહેરાને વિભાગના અધ્યક્ષ તેમજ BOSના ચેરમેન તરીકેની જવાબદારીમાંથી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મુકત કરવામાં આવે છે. તેમના સ્થાને નિયમ અનુસાર ડૉ. હસમુખ એમ. પરમારને વિભાગના અધ્યક્ષ તથા BOS ચેરમેન તરીકેનો કાર્યભાર સાંપવો તેમ પણ ઠરાવવામાં આવે છે.**

૧૦. સરદાર પટેલ યુનિવર્સીટી સ્થિત અનુ.હિન્દી વિભાગને માનવવિદ્યા ભવન ખાતે જગ્યા ફાળવી અનુ.કાયદાશાસ્ત્ર વિભાગને અનુ.હિન્દી વિભાગના બિલ્ડીંગમાં તબદીલ કરવાના લેવાયેલ નિર્ણય અંગે ફેર વિચારણા કરવા બાબત.

(૧) ગત તારીખ: ૦૮-૦૫-૨૦૨૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભામાં સરદાર પટેલ યુનિવર્સીટી સ્થિત અનુ.હિન્દી વિભાગને માનવવિદ્યા ભવન ખાતે જગ્યા ફાળવી અનુ. કાયદાશાસ્ત્ર વિભાગને અનુ.હિન્દી વિભાગના બિલ્ડીંગમાં તબદીલ કરવા અંગેની બાબત અધ્યક્ષ સ્થાનેથી સદરહું સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ.

(૨) સદર બાબત અંગે થયેલ પુખ્ત ચર્ચા-વિચારણા નાં આધારે સરદાર પટેલ યુનિવર્સીટી સ્થિત અનુ.હિન્દી વિભાગને માનવવિદ્યા ભવન ખાતે જગ્યા ફાળવી કાયદાશાસ્ત્ર વિભાગને અનુ.હિન્દી વિભાગના બિલ્ડીંગમાં તબદીલ કરવા ઠરાવવામાં આવેલ.

(૩) સદરહું સમિતિની સભામાં થયેલ ઠરાવને ધ્યાને લઇ એસ્ટેટ વિભાગ દ્વારા પત્રાંક: એલ/૧૦૦૩ તારીખ: ૧૪-૦૫-૨૦૨૬થી અનુ. કાયદાશાસ્ત્ર વિભાગને હાલના અનુ. હિન્દી વિભાગના બિલ્ડીંગમાં તબદીલ કરવાની કામગીરી તારીખ: ૧૫-૦૬-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા કાર્યાલય આદેશ બહાર પાડવામાં આવેલ..

(૪) સદર બાબતે ઉપરોક્ત વિભાગના સામાન તબદીલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં હતી ત્યારે વિદ્યાર્થીઓની રજુઆતને ધ્યાને લઇ કાર્યાલય દ્વારા સદર નિર્ણય રદ કરવાની જાહેરાત અખબારી યાદી તારીખ: ૧૧-૦૬-૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જેની વિગત બિડાણથી સામેલ છે.

(૫) સદર લેવાયેલ નિર્ણય રદ કરી અનુ. હિન્દી વિભાગને યથાવત સ્થાને જાળવી રાખવા તથા અનુ.કાયદાશાસ્ત્ર વિભાગને માનવવિદ્યા ભવન ખાતે કાર્યરત રાખવા અંગે ચર્ચા-વિચારણા કરવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે હિન્દી વિભાગના સ્થાનને પૂર્વરત્ કરવામાં આવે તેવું નકકી કરવામાં આવ્યું.**

12/06/26

કા. કુલસચિવ

નંબર: કે.૧/ઈ.સી./કાર્યનોંધ/૧૬૩૪
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૧૫/૦૬/૨૦૨૬
પ્રતિ,
એક્ઝીકયુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.